## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



તમને અપિલ કરશે કે... કુંભાર પાસેથી કોડિયા ખરીદો... અને કુંભારને કહેશે કે જીએસટી ભરો...!!

# રાજય સરકારના વર્ગ-૪ના કર્મચારીઓને દિવાળીની ભેટ

### કર્મચારીઓને ૩૫૦૦ની મર્યાદામાં રાજય સરકાર દ્વારા બોનસ ચુકવાશેઃ રાજયના ૩૫૦૦૦થી વધુ વર્ગ-૪ના કર્મચારીઓને લાભ

ગાંધીનગર, તા. ૧૨

નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યુ છે કે, આગામી સમયમાં આવી રહેલા દિવાળીના તહેવારોને ધ્યાને લઈને વર્ગ-૪ ના કર્મચારીઓ ઉત્સાહ પૂર્વક દિવાળી ઉજવી શકે તે માટે તેઓને બોનસ આપવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે.

નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, રાજય સરકારે વર્ગ-૪ ના કર્મચારીઓને રૂા. ૩૫૦૦ની મર્યાદામાં બોનસ આપીને દિવાળીની ભેટ આપી છે. આ માટે રાજય સરકારને રૂા.૧૧.૮૭ કરોડનું વધારાનું ભારણ થશે. આનો લાભ રાજય સરકાર અને પંચાયત, ગ્રાન્ટ ઈન એઈડ (માન્યતાવાળા કર્મચારીઓ) તથા બોર્ડ નિગમના વર્ગ-૪ના અંદાજે પાંત્રીસ હજાર કર્મચારીઓને લાભ મળશે. તેમ તેમણે ઉમેર્યુ હતુ.

# શહેરને ડસ્ટ ફ્રી બનાવવા ધાર્મિક-શૈક્ષણિક સંસ્થાઓમાં પેવર બ્લોક લગાવો : મેયર

### મેયરની ગ્રાન્ટમાંથી વધુ ૨૦ લાખના અંદાજિત ખર્ચના કામો સૂચવાયા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરને ડસ્ટ ફ્રી ઝોન બનાવવાના અભિગમને વેગ આપવા માટે મનપાના મેયર પ્રવિણ પટેલે આજે કમિશનરને પત્ર લખી શહેરની વિવિધ સંસ્થાઓમાં પેવર બ્લોક માટે તેમના હસ્તકની વિશેષ ગ્રાન્ટમાંથી રૂ. ૨૦ લાખની ફાળવણી કરી અને કામો હાથ ધરવા જણાવ્યું છે.

મેયર પ્રવિણ પટેલે આ અંગે લખેલા અલગ-અલગ પત્રોમાં પંચદેવ મંદિર સે. ૨૨ ખાતે, જલારામ સેવા સમાજ સે. ૨૯ ગાંધીનગર ખાતે, લેઉવા પાટીદાર કેળવણી મંડળ સે. ૧૫, ગોપાલક કન્યા છાત્રાલય સે. ૧૫, સે. ૧૩માં લિંબચ માતાના મંદિર તેમજ સે. ૬માં સંત રોહિદાસ સેવા સમાજમાં પેવર બ્લોકનું કામ કરવા સુચવ્યું છે.

મેયરે આ અગાઉ તેમની ગ્રાન્ટમાંથી ડસ્ટબીન ખરીદી અને નગરજનોને આપવા માટે રૂ. ૫૦ લાખની ગ્રાન્ટ ફાળવી આપી હતી.

મેયરને તેમના સ્વ વિવેક હેઠળ વિકાસના કામો માટે રૂ. બે કરોડની ગ્રાન્ટ અંદાજપત્રમાં ફાળવી આપવામાં આવી હતી જે ઉલ્લેખનીય છે. મેયર દ્વારા અંદાજે રૂ. ૧.૫૦ કરોડના કામો સૂચવી દેવામાં આવ્યા છે.



ગાંધીનગરના જુના સચિવાલય ખાતે બ્લોક નં. ૧૬માં ઠાકોર કોળી વિકાસ નિગમ દ્વારા નવીન કાર્યાલયનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ કાર્યાલયનું આજે ગુજરાત સરકારના મંત્રી આત્મારામ પરમારના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

# ભાજપમાં પ્રભાવી લિડર એકમાત્ર મોદી કે સ્ટાર કેમ્પેઈનર

### ભાજપના પ્રદેશ નેતાઓ વિરાટ કૌવત બતાવી શકે તેમ નથી

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીને ધ્યાને લઈને ભાજપે વિજય મેળવવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો સહારો લીધો છે. ગુજરાત પ્રદેશના પ્રભાવી લિડરની અછતના કારણે સ્ટાર કેમ્પેઈનર તરીકે માત્ર મોદીને પસંદ કરવામાં આવ્યા છે. ગુજરાત ભાજપ માટે મોદીનો —એમ- એટલો બધો જરૂરી બની ગયો છે કે પ્રદેશના કોઈપણ નેતામાં વિધાનસભાની ચૂંટણી જીતવાનું હુન્નર નથી. હવે તો મોદી વિના ચાલી શકે તેમ નથી- તેવું પ્રદેશના નેતાઓ કહી રહ્યાં છે, કારણ કે ૧૫ વર્ષમાં પહેલીવાર ગુજરાતની વોટબેન્ક સરકતી જણાય છે.

**● મોદી કેબિનેટના સભ્યો ગુજરાતના ગામડાઓ ખૂંદવા તૈયાર થયા છે...**
**● પાર્ટીના કેમ્પેઇનરોમાં ભલે મોટી ફોજ હોય, અસરકારક એક જ ચહેરો છે...**

ગુજરાતની એક વાસ્તવિકતા છે કે મોદીએ છેલ્લી ચાર ચૂંટણીમાં ભાજપને વિજય અપાવ્યો છે જે પૈકી ૨૦૦૨, ૨૦૦૭ અને ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણીમાં મુખ્યમંત્રી મોદી હોવાથી લોકોએ ખોબો ભરીને મતો આપ્યા હતા. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં એક ગુજરાતી પ્રાઈમમિનિસ્ટર મળવાના હોવાથી લોકોએ કોંગ્રેસને દૂર કરી દીધી હતી. આ સમય દરમ્યાન મોદીના મુખ્યમંત્રી કાળની ત્રણ ચૂંટણીમાં કોંગ્રેસ સાવ ખતમ થઈ નથી એ સૂચક છે. કોંગ્રેસને ૫૫ થી ૬૦ બેઠકો તો મળી છે પરંતુ આ એવી ચૂંટણી છે કે જેમાં નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી બનવાના નથી તેથી ભાજપને ઊંડે ઊંડે એવું લાગે છે કે મોદી વિના બહુમત મેળવવો અઘરો છે.

ગુજરાતમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની નિતીઓના કારણે સામાન્ય જનતાને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. મોદીએ કહ્યું છતાં અચ્છે દિન આવ્યા નહીં, ઉલ્ટાનું બુરે દિન શરૂ થઈ ગયા છે. દેશની ઈકોનોમી ડામાડોળ છે. નોટબંધી અને જીએસટીનો કડવો ડોઝ ઈવીએમમાં ઝેર ઓકી શકે છે. ભાજપના હાઈકમાન્ડને તેની ગંધ આવી જતાં કેન્દ્રીય ટીમને મેદાનમાં ઉતારવાનું નક્કી કર્યુ છે. ગુજરાતના મુખ્યમંત્રી રહી ચૂકેલા અને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભાજપ માટે મોટો ચહેરો છે ત્યારે ભાજપ દ્વારા મોદી ગુજરાતમાં આવતા રહે તેના માટે ખાસ આયોજનો અને કાર્યક્રમો ગોઠવવામાં આવી રહ્યા છે.

ગુજરાત ભાજપ માટે મોદી સિંઘમ બની રહ્યાં છે. તેઓ જ ગુજરાતના રોલ મોડલ છે. ગુજરાતના તમામ પોસ્ટર બોય- વિજય રૂપાણી, નિતીન પટેલ અને જીતુ વાઘાણીને ફિક્કા પાડી શકે તેવો મોદીનો ચહેરો છે. મોદી મેજીક ગુજરાતમાં છેલ્લી ચાર ચૂંટણીમાં ચાલ્યો છે અને પાંચમી ચૂંટણીમાં પણ ચાલશે તેવું ભાજપના પ્રદેશ નેતાઓ માની રહ્યાં છે. મોદી કેબિનેટના સભ્યોને પણ ગુજરાતની જવાબદારી સોંપવામાં આવી છે. ભાજપમાં જોડાયેલા ફિલ્મસ્ટારો તેમજ સેલિબ્રિટીઝને પણ ગુજરાતની ચૂંટણીમાં કેમ્પેઈન માટે ઉતારવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

ભાજપે ઘડેલા પ્લાન મુજબ વડાપ્રધાન મોદી ચૂંટણી પહેલા ૧૫ થી ૧૮ જેટલા જુદા-જુદા કાર્યક્રમોમાં ભાગ લેશે. આ કાર્યક્રમોમાં સોશ્યલ મિડીયા ટાઉનહોલથી લઈને રોડ-શો અને રેલીના આયોજનો છે જે ચૂંટણી પહેલા યોજાવાના છે. દિવાળીની આસપાસ વડાપ્રધાન મોદીના રોડ-શો અને રેલીઓ ગોઠવવામાં આવી છે.

ગુજરાતમાં છેલ્લા થોડા સમયમાં બનેલી કેટલીક ઘટનાઓના કારણે ગુજરાત સરકાર પર આંગળી ઉઠી રહી છે, આ સ્થિતિને પહોંચી વળવા માટે ગુજરાતમાં થયેલા વિકાસને આગળ કરીને પ્રજાને મનાવવાના પ્રયાસો માટે વડાપ્રધાન મોદીનો ચહેરો આગળ ધરવામાં આવી રહ્યો છે. રાજયમાં નોટબંધી થી ય્જી, અને પાટીદાર અનામત આંદોલન, ઉનાકાંડ, અને વરસાદ પછી




ખખડધજ થયેલા માર્ગો બાદ શરૂ થયેલા કેમ્પેન 'વિકાસ ગાંડો થયો છે' તે ગુજરાત સરકાર માટે આગામી ચૂંટણીમાં પડકારજનક મુદ્દાઓ છે.

ભાજપમાં મહત્વનું સ્થાન ધરાવતા નેતા જણાવે છે કે, 'વડાપ્રધાન મોદી વગર લોકોને આકર્ષિત કરવા અઘરું છે, પાર્ટી માટે વડાપ્રધાન વગર પ્રજાને ભાજપ તરફી મતદાન માટે આકર્ષિત કરવી પણ સહેલી નથી.' વધુમાં તેમણે જણાવ્યું, 'પાર્ટી દ્વારા આશરે ૧૫ થી ૧૮ મુખ્ય કાર્યક્રમોમાં વડાપ્રધાન ભાગ લે તે માટેનું આયોજન કરવામાં આવ્યું છે, જેનું આયોજન મુખ્યત્વે દિવાળી (૧૯ ઓકટોબર) પછી રાખવામાં આવ્યું છે. કાર્યક્રમો માટેના સ્થળ વડાપ્રધાન અને અમિત શાહ સાથેની ચર્ચા પછી નક્કી કરવામાં આવશે.' ગુજરાત ભાજપ તારીખો અંગે વડાપ્રધાન કાર્યાલય સાથે સંપર્કમાં છે. જેમાં રેલી, રોડ-શોની સાથે સોશિયલ મીડિયા ટાઉનહોલ માટે પણ આયોજન કરવામાં આવી રહ્યું છે.

જયારે વડાપ્રધાન મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે ૨૦૧૨ની ચૂંટણીમાં તેમણે ૩ડી ટેકનોલોજીથી સભા યોજીને ૫૦થી વધુ સ્થળોને આવરી લીધા હતા. આ વખતે પીએમ મોદીના ચૂંટણી કાર્યક્રમો દરમિયાન પણ સોશિયલ મીડિયા ટાઉનહોલ અને કેટલીક સભાઓમાં ડિજીટલ મીડિયાનો ઉપયોગ કરવામાં આવશે તેમ માનવામાં આવી રહ્યું છે. મોદીના ગુજરાત પ્રવાસનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે.

# નેતાઓને ખુશ રાખો અને ખુરશી સલામત રાખો ચૂંટાયેલા પાંખનું મહત્વ નથી : બિહોલા

ગાંધીનગર, તા. ૧૨

ભાજપ કેવા બેવડા ધોરણ અપનાવી અને ચૂંટાયેલી પાંખનું અવમાન કરી રહેલ છે તેનો પર્દાફાશ વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ આજે એક અખબારી નિવેદનમાં કર્યો છે. વહીવટીય બાબતોનું ભાજપીકરણ કરવામાં આવી રહ્યાનો આક્ષેપ કરતાં બિહોલાએ જણાવ્યું છે કે ભાજપના નેતાને ખુશ રાખવા અને પ્રજાની લાગણીઓ રજુ કરતા નગરસેવકોને અન્યાય કરવાની નીતિ ભાજપના નેતાઓ અખત્યાર કરી રહ્યા છે.

ગાંધીનગર મહાનગર પાલિકામાં કોંગ્રેસના ચૂંટાયેલા કોર્પોરેટરો પોતાની ગ્રાન્ટ પેવરબ્લોક અને બાંકડામાં વાપરવા માટે સતત માંગણી કરી રહ્યા છે, અને આ અંગે લેખિત રજુઆતો પણ કરી છે પરંતુ, સ્ટેન્ડિંગ ચેરમેન દ્વારા ગાંધીનગરમાં બાંકડા કે કોમનચોકમાં પેવરબ્લોકની કોઈ જ જરૂરિયાત નથી અને ગ્રાન્ટ આ કામ માટે વાપરી નહિ શકાય તેવો ઠરાવ કરેલ છે પરંતુ, છેલ્લા પંદર-વીસ દિવસથી ધારાસભ્ય દ્વારા કોમનચોક, શોપિંગ સેન્ટરો ખાતે પેવરબ્લોક લગાવવામાં આવી રહ્યા છે, તો આને શું સમજવું ? સ્ટેન્ડિંગ કમિટી દ્વારા જ ધારાસભ્યની ગ્રાન્ટના બાંકડાનું ટેન્ડર કરીને ગાંધીનગરમાં બાંકડા મુકવામાં આવી રહ્યા છે, મેં અગાઉ રજૂઆત કરી હતી કે ધારાસભ્યની ગ્રાન્ટના ભાવના જે બાંકડા છે તે જ કિંમતથી અમને પણ અમુક ટકા ગ્રાન્ટ બાંકડામાં વાપરવા દેવી, પરંતુ તેમાં પણ સ્થાયી સમિતિ ના પાડે છે, અને આ જ સ્થાયી સમિતિ ઉપરોક્ત કામ માટે ધારાસભ્યની ગ્રાન્ટ વાપરવામાં મદદ કરી રહી છે, તો સ્થાયી સમિતિએ બેવડી નીતિ બંધ કરી દેવી જોઈએ. દરેક કામ માટે નવા ટેન્ડરો કરતી સ્થાયી સમિતિ છેલ્લા ચાર વર્ષથી પેવરબ્લોકનું કામ વગર ટેન્ડરે એક જ કંપનીને આપી ચલાવી રાખે છે, અને આ કંપનીએ કરોડો રૂપિયાનું કામ વગર ટેન્ડરે કરેલું છે, જો કંપની જોડે મીલીભગત ના હોય તો ખુલાસો કરવો જોઈએ. કોમનચોકમાં પ્રજા હાલ પણ લોકભાગીદારીની યોજના હેઠળ ૨૦ ટકા રકમ ભરીને પેવરબ્લોક લગાવવા તૈયાર છે, તો સ્થાયી સમિતિએ પક્ષાપક્ષીથી દૂર થઈ પેવરબ્લોકનું કામ અને ગ્રાન્ટમાંથી બાંકડા આપવાનું શરૂ કરી દેવું જોઈએ.



**કોર્પોરેટર્સે પાઠવી દિપાવલીની શુભેચ્છાઓ**

ગાંધીનગરમાં દિવાળી પર્વના આગમન સાથે આગામી વિધાનસભાની ચૂંટણીઓને ધમધમાટ પણ જોવા મળી રહ્યો છે. જેના કારણે રાજકીય ગતિવિધિઓમાં વધારો થઈ રહ્યો છે. જો કે જેમની ચૂંટણીને હજુ ઘણીવાર છે તેવી મહાનગરપાલિકાના કોર્પોરેટર્સ હાલ દિવાળીમાં પોતાના વોર્ડમાં રહીશો-વેપારીઓ વગેરેને મળી પર્વની શુભેચ્છાઓ પાઠવતા જોવા મળી રહ્યાં છે. વોર્ડ નં. ૭માં કોર્પોટર્સ રાકેશભાઈ પટેલ, હિરલબેન જોષી, ઉર્મિલાબેન વર્મા અને જયરાજસિંહ વાઘેલાએ વોર્ડના વ્યાપારિક સંકુલોની મુલાકાત લઈ વેપારીઓને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.

# મહુડી-પેથાપુર રોડ પરથી દારૂ બિયર ભરેલી રીક્ષા પકડાઈ

ગાંધીનગર, તા.૧૨

મહુડી તરફથી પેથાપુર બાજુ જીજે-૧૮-એ.યુ. ૩૫૩૬ નંબરની એક રીક્ષા આવી રહી છે અને તેમાં દારૂ-બિયર સંતાડેલો છે તેવી બાતમી પેથાપુર પોલિસને મળતા ગઈ કાલે એક ટીમ મહુડી-પેથાપુર રોડ પર ફતેપુરા ત્રણ રસ્તા પાસે વોચમાં ગોઠવાઈ ગઈ હતી.બાતમી વાળી રીક્ષા આવતા ઉભી રખાવી તપાસ કરતાં રીક્ષાની પાછળની સીટના ભાગે આવેલા સ્પીકરની લાકડાની પેટી તપાસવા જાળી ખોલીને જોયું તો તેમાંથી દારૂ-બિયરની બોટલો મળી આવી હતી. ૧૨ નંગ વિદેશી દારૂની બોટલ અને ૪ નંગ બિયરની બોટલ મળી રૂ. ૪૮૦૦ના દારૂ-બિયર અને રીક્ષા મળી કુલ રૂ.



૫૫,૨૦૦ના મુદ્દામાલ સાથે પોલીસે સે-૧૪ છાપરા ગોકુળપુરાના રાજુ ઉર્ફે લાલો જયંતિ રાવળની ધરપકડ કરી ઉંડી પુછપરછ શરુ કરી છે.

# કોબા ગામને પ્લાસ્ટીક મુકત કરવા ઘેરઘેર કપડાની થેલીનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર આવેલ કોબા ગામને પ્લાસ્ટીક મુકત કરવા માટે કોબા ગ્રામ પંચાયત દ્વારા ગ્રામજનોને કપડાની થેલી વિનામુલ્યે દરેક ગ્રામજનોને આપવામાં આવી હતી. જેથી ગામને પ્રદુષણ અને પર્યાવરણના લાભો થાય. જયારે ગ્રામપંચાયત દ્વારા ડીઝીટલ ઈન્ડીયાના ભાગરુપે રાજયના દરેક ગામડાના નાગરીકને સરકારી યોજનાઓનો લાભ સરળતાથી મળી રહે તેવું આયોજન કરાયું છે. ત્યારે કોબા ગ્રામ પંચાયત દ્વારા સ્વચ્છ ભારત અને ડીઝીટલ ઈન્ડીયાને પગલે કોબા ગ્રામપંચાયતનું રેકર્ડ કોમ્પ્યુટર રાઈઝ કરીને ગ્રામપંચાયત વેબપેજ પર મુકવામાં આવ્યું હતું. જેને પગલે કોબા ગામના નાગરીકો પોતાના વિવિધ વેરા હવે ઓનલાઈન ભરી શકશે.જયારે પ્રાથમિક શાળા નવાકોબા તેમજ જુના કોબા બાળકોને ગ્રામપંચાયત દ્વારા સ્વચ્છ ભારત અભિયાન હેઠળ એક ભારત શ્રેષ્ઠ ભારત અંગેની ટી-શર્ટ અને કેપનું વિતરણ વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, જિલ્લા કલેકટર સતિષભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.કોબા ગ્રામપંચાયતનો ટેક્ષ સ્વાઈપ મશિન એટલે કે ક્રેડીટ કાર્ડ અને ડેબીટ કાર્ડથી ગ્રામજનોને ભરી શકાય તેવી વ્યવસ્થા ઉભી કરાઈ છે. આ પ્લાસ્ટીક મુકત કાર્યક્રમમાં દેનાબેંક કોબાશાખાના મેનેજર અનુપસિંહ તેમજ સરપંચ યોગેશભાઈ નાયી, તલાટી કમ મંત્રી રમેશભાઈ પટેલ, સહિત કોબા ગામના નાગરીકો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

# કોંગ્રેસના ગઢ અમરાપુર(ગ્રા)માં ગાબડુ

માણસા, તા. ૧૨

માણસા પાસેનું અમરાપુર (ગ્રા) કે જેમાં મોટી વસ્તી રાજપુત સમાજની છે અને આ ગામ અત્યાર સુધી કોંગ્રેસનો ગઢ ગણાતુ આવ્યુ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર માણસા તાલુકાનુ અમરાપુર(ગ્રા) કે જે કોંગ્રેસનો ગઢ ગણાય છે જયાં ચૂંટણી ટાણે ભાજપને ગામમાં પ્રવેશ માટે પણ તકલીફ પડતી હતી તે પ્રશ્ન સાથે ગામના અગ્રણીઓએ વિકાસના પ્રશ્નો બાબતે કરેલી ચર્ચામાં સારો સહકાર અને પ્રશ્નોની નિરાકરણની ગામના વિકાસ માટે ખાતરી આપતાં પ્રભાવિત થઈ



પરંતુ તાજેતરમાં થોડા સમય અગાઉ બનેલી ઘટનાઓમાં કોંગ્રેસની બેદરકારીની સામે ભાજપ આગેવાનોની સક્રિયતાને લઈને આજે સાડા ત્રણસોથી પણ વધુ લોકોએ ભાજપનો ભગવો ધારણ કર્યો હતો. ગામમાં થોડા સમય અગાઉ ગામના સરપંચ અને રાજપૂત સમાજના લોકો વચ્ચે ગામમાંથી પસાર થતી લીઝની રેતી ભરેલી ટ્રકો બાબતે થયેલી ઘટનાને પગલે પોલીસ ફરીયાદો પણ થયેલી જે અંગે કોંગ્રેસના આગેવાનોએ કોઈ યોગ્ય ઉકેલ નથી લાવતાં તે પ્રશ્ન લઈ અગ્રણી ધર્મેન્દ્રસિંહ પોપટસિંહ રાઠોડ, પ્રદેશ પ્રમુખના અંગત સચિવ દિનેશભાઈ વ્યાસને મલવા કમલમાં ગયા હતા. જયાં તેમને તે તેમને ભાજપમાં જોડાવાનો વિચાર રજુ કર્યો હતો. જે મુજબ આજે ૨૫૦ જેટલા રાજપૂત સમાજના ૧૦૦ જેટલા રાવલ સમાજના અને ૧૦ જેટલા દલિત સમાજના લોકોએ જિલ્લા પ્રમુખ નૈલેષભાઈ શાહ, મહામંત્રી આઈ.બી. વાઘેલા, દિનેશભાઈ વ્યાસ, ડી.ડી. પટેલ સહિતના આગેવાનોની હાજરીમાં ભાજપનો ભગવો ધારણ કરી ભાજપને જીતાડવા હાંકલ કરી હતી.

## ગુજરાત એકસ.એમ.એલ.એ કાઉન્સિલના નવા ચેરમેન તરીકે બાબુભાઈ મેઘજી શાહની વરણી

ગુજરાત એકસ. એમ. એલ. એ. કાઉન્સિલના ચેરમેન તરીકે ઘણા વર્ષોથી શંકરલાલ ગુરૂ સેવા કરતા હતા. સ્વ. શંકરલાલ ગુરૂનું અવસાન થતા ચેરમેનની જગ્યા ખાલી પડી હતી. જેને પગલે ગુજરાત એકસ. એમ. એલ.ની કારોબારી તેમજ જનરલ સભા આજ રોજ મળી હતી. સભ્યોની સર્વસંમતિથી બાબુભાઈ મેઘજી શાહની ગુજરાત એકસ. એમ. એલ. એ. કાઉન્સિલના ચેરમેન તરીકે વરણી કરાઈ છે.

# ગાંધીનગરની આશ્કા હૉસ્પિટલની ટીમની મહેનત રંગ લાવી

### સ્વાઈન ફ્લુની વડોદરાની મહિલા દર્દીને ૬૦ દિવસની સારવાર બાદ બચાવાઈ

ગાંધીનગર, તા.૧૨

તાજેતરમાં સમગ્ર ગુજરાતમાં સ્વાઈન ફલુએ હાહાકાર મચાવ્યો હતો. સ્વાઈન ફલુ રોગના અજગરી ભરડાને કારણે અનેક દર્દીએ જીવ ગુમાવ્યા હતા. જયારે કેટલાક દર્દીઓને સમયસર યોગ્ય સારવાર મળતા ફરીથી સ્વસ્થ બની ગયા હતા. ત્યારે ગાંધીનગર શહેરના પાદરે સરગાસણ વિસ્તારમાં આવેલ પ્રખ્યાત આશ્કા મલ્ટીસ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલમાં પણ સ્વાઈન ફલુના દર્દીઓને સારવાર આપતા સ્વસ્થ થતા ઘરે પરત ફર્યા હતા. ત્યારે આશ્કા હોસ્પિટલમાં વડોદરાથી સ્વાઈન ફલુના એક મહિલા દર્દી સારવાર માટે આવ્યા હતા. પરંતુ તેઓની તબિયત અત્યંત નાજુક હતી. પરંતુ છેલ્લા બે મહિનાથી સતત જીવન મરણ વચ્ચે ઝોલા ખાતા આ મહિલા દર્દીની રાઉન્ડ ધ કલોક ડોક્ટર્સ તેમજ તેમની ટીમે ખડેપગે રહીને સેવા કરી અને ભગવાનના આશિર્વાદથી આ દર્દીને નવજીવન મળ્યું છે.

શહેરની આશ્કા હોસ્પિટલમાં બે માસ અગાઉ વડોદરાથી સ્વાઈન ફલુના મહિલા દર્દી એડમીટ થયા હતા. આ દર્દીની તબિયત અત્યંત નાજુક હતી. ત્યારે હોસ્પિટલના ડો. દિપેશ ફટાણીયા, ડો.મયુર પટોલીયા, ડો. દેવેન્દ્ર ડી. પટેલ, ડો. ભાવેશ શાહ સહિત નર્સિંગ સ્ટાફ અને કર્મચારીઓ ફરજ પર લાગી ગયા હતા. મહિલા દર્દીના મોટાભાગના અંગો કામ કરવાનું છોડી દીધુ હતું. ત્યારે ડોક્ટરની ટીમ દ્વારા મહિલા દર્દીને ૪૫ દિવસ સુધી વેન્ટીલેટર મશીન પર અને ૧૫ દિવસ ઈકમો મશીન પર સારવાર આપવામાં આવી છે. આ ઈકમો મશીન ફેફસાની કામગીરી કરે છે. જેને પગલે દર્દીને આરામ મળે છે.ઈકમો મશીન બે ત્રણ વર્ષ પહેલા જ ઈન્ડીયામાં આવ્યું છે અને ખાસ મોટા શહેરોની મોટી હોસ્પિટલમાં જ હોય છે. ત્યારે આવી પરિસ્થિતિમાં હોય તે માત્ર ૧૦ કે ૨૦ ટકા દર્દી જ બચે છે. જેથી પરિવારના સભ્યોએ પણ હવે જીવશે તેવી આશા છોડી દીધી હતી.પરંતુ ડોક્ટર્સ હિંમત હાર્યા નહોતા તેઓનું કહેવું હતું કે આ મહિલા દર્દીને ફરીવાર ઉભા કરવા છે અને તેઓ થશે. બસ કામગીરી આગળ ચાલતી ગઈ અને દર્દીના તબિયતમાં સુધારો આવતો ગયો. મોટાભાગે દર્દીની કંડીશન આવી હોય ત્યારે અમદાવાદ, મુંબઈ, કે કોઈ મોટી હોસ્પિટલમાં દર્દીને ખસેડવામાં આવે છે. ત્યારે એક તબક્કે તો પરિવારના સભ્યોએ દર્દીની સારવાર માટે અમેરીકા જવાનો પણ નિર્ણય કરી દીધો હતો.પરંતુ આશ્કા હોસ્પિટલના રાઉન્ડ ધ કલોક ડોક્ટર્સની ટીમ દ્વારા સતત દર્દીની દેખરેખ રાખવામાં આવતી હતી. ત્યારે બે મહિનાના અથાગ પરિશ્રમ બાદ આશ્કા હોસ્પિટલના ડોક્ટર્સની મહેનત રંગ લાવી અને સ્વાઈન ફલુમાં પટકાયેલા મહિલા દર્દી સ્વસ્થ બની જવા પામ્યા છે. અત્યારે હાલ આ દર્દીનું સ્વાસ્થય ખુબજ સારી સ્થિતિમાં છે અને તેઓ પોતાને મળેલા નવજીવનને ડોક્ટર્સ અને તેમની ટીમને આભારી માને છે.

**ટૂંકી જાહેર નિવિદા**

**મશીન અને બાઈન્ડીંગ શાખાની કામગીરી માટે કુશળ અને બિનકુશળ શ્રમયોગીઓની સેવા પૂરી પાડવા અંગે**

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ઘ-૭ સર્કલની નજીક, સેકટર-૨૯, ગાંધીનગર ખાતે ટેકનિકલ કુશળ શ્રમયોગીઓ ૧૦ (મશીન અને બાઈન્ડીંગ શાખા માટે) અને ૦૫ બિનકુશળ શ્રમયોગીઓ એક માસ માટે પુરા પાડવા અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સી પાસેથી ઠરાવેલ ટેન્ડર ફોર્મ સીલબંધ કવરમાં મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર ફોર્મ ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૧૭-૦૦ કલાક દરમિયાન તા. ૩૦/૧૦/૨૦૧૭ સુધીમાં અરજી સાથે રૂ. ૫૦૦-૦૦ (પરત નહી ચુકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

સહી/-
શ્રેયાન વ્યવસ્થાપક
માહિતી/૨૦૧૬/૧૭-૧૮ સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર